શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.

વીર અભિમન્યુ

નામના

પં૦ રાધેશ્યામ કવિરત્ન પાસે

ખાસ લખાવેલા નાટકનો સાર તથા ગાયનો.

પ્રગટ કરનાર,

નવી આલફ્રેડ નાટક મંડળી.

પ્રોપ્રાયટર માણેકજી જીવણજી માસ્ટર,

નાં૦ ૩૧, ઇ. વુડ હાઉસ રોડ, કોલાબા-મુંબઇ.

જે ચોપડી ઉપર મા. જી. માસ્ટરની સહીનો રબરનો છાપ નહી હસે તે ચોરીની અથવા ભલતે ઠેકાણે છપાયલી ઘોટાળાવાળી સમજવી.

આ ચોપડી ફીદાહુસેન ઇસુફઅલીએ પોતાના
ધી "ફીદવી" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી છે.
૨૫૯, અબદુલરહેમાન સ્ટ્રીટ, પોસ્ટ નાં૦ ૩, મુંબઇ.

આવૃતી ૧ લી સને ૧૯૧૮.

કીમત ચાર આના.

દીબાચો.

મહાભારતના આદીપર્વમાં "અભિમન્યુના ચક્રાવા" સંબંધી કથા છે, તે આધારે, ભટ પ્રેમાનંદે કાવ્યરૂપે એ કથા વર્ણવી છે. બૃહત કાવ્યદોહનમાં, અભિમન્યુ જયારે યુદ્ધમાં જાય છે, ત્યારે ઉત્તરાને મળે છે. અને તેમાં "રૂતુદાન" નો પ્રસંગ છે. હીન્દી કવિયો તે પ્રસંગે, ઉત્તરાકુમારીને સગર્ભા ચીતારી છે!

આ "અભિમન્યુ"નો નાટક, હીન્દી કવિએ લખેલો છે, ને તેમાં ત્યાંની (ઉત્તર-હીન્દની) માન્યતા પ્રમાણે ગર્ભિત પ્રસંગ લ્હેવામાં આવ્યો છે, એ સંબંધી અત્રે ખુલાસાની જરૂર ધારી છે; કેમકે આ નવી આવૃત્તિ, મુંબઇના પ્રેક્ષક વર્ગ માટે પ્રકટ થતી હોવાથી કોઇને શંકાનું કારણ રહે નહિ.

લા૦

ન્યુ આલફ્રેડ નાટક મંડળીના માલેકો.

પાત્ર પરિચય

પુરૂષ પાત્ર

ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર, જગજાહેર છે.

યુધિષ્ઠિર, પાન્ડવ નરેશ

ભીમ, અર્જુન, સહદેવ, નકુલ — યુધિષ્ઠિરના ભાઇઓ

વીર અભિમન્યુ, અર્જુનનો પુત્ર

દુર્યોધન, કૌરવ નરેશ

જયદ્રથ, દુર્યોધનનો પક્ષપાતી એક યોધો

દુઃશાસન, દુર્યોધનનો ન્હાનો ભાઇ

મહાત્મા, દ્રોણાચાર્ય કૌરવના સેનાપતિ

શકુની, દુર્યોધનના મામા

કરણ, અશ્વસ્થામા — દુર્યોધનના પક્ષપાતી

ભગવાન્ શંકર, વિખ્યાત દેવતા

દારૂક, શ્રીકૃષ્ણચન્દ્રના સઋિદ

રાજા બહાદુર, વિદુષક

કરમચંદ, રાજા બહાદુરનો પાડોશી

સ્ત્રી પાત્ર.

સુભદ્રા, અર્જુનની સ્ત્રી અભિમન્યુની માતા

ઉત્તરા, અભિમન્યુની સ્ત્રી

યોગમાયા, સ્ત્રીવેસમાં શ્રીકૃષ્ણચંદ્રની માયા

સુન્દર, રાજા બહાદુરની સ્ત્રી એના ઉપરાંત સુત્રધાર, નટ, નટી, સિપાહી, સખિયાં, શિવગણ, વગેરે વગેરે.

ॐ श्री

कृष्णार्पणमस्तु.

વીર-અભિમન્યુ.

મહાભારત અન્તર્ગત હીન્દુ ધારમિક નાટક

સાર.

પ્રથમ અંક.

રંગભૂમિ–સુત્રધાર નટી નટ સહુ પ્રભુ પ્રાર્થના; વીર અભિમન્યુ નાટકનો ઉદ્દેશ અને પ્રારંભ કરે છે.

પ્રવેશ ૧ લો–પાંડવોનો બગીચો. શ્રી કૃષ્ણચન્દ્ર અને અર્જુન રથ ઉપર ચડીને આવે છે. અર્જુન પોતાના ગુરૂશ્રી દરોણાચાર્ય સામે યુદ્ધ કરવા ના પાડે છે. શ્રી કૃષ્ણચન્દ્ર, ગીતા જ્ઞાનના ઉપદેશથી અર્જુનની શંકા નિવાર્ણ કરે છે. અને તેને સનસપ્તકો સાથે યુદ્ધ કરવા લઇ જાય છે.

પ્રવેશ ૨ જો–દુર્યોધન પોતાના સૈન્યાપતિ દરોણાચાર્ય માટે એવી શંકા કરે છે, કે તેઓ પાંડવો સાથે મળી ગયાં છે. આ શંકાને જયદ્રથ તથા દુ:શાસન ટેકો આપે છે. એટલામાં મહાત્મા દરોણાચાર્યજી ત્યાં આવી પહોંચે છે. દુર્યોધન તેમને ચીડાવે છે, ઉશ્કેરે છે. દરોણાચાર્ય એવી પ્રતિજ્ઞા કરે છે, કે ચક્રવ્યુહ રચીને પાંડવોના વીરનરનો ભોગ લ્હેવો!

પ્રવેશ ૩ જો–મહારાજા ધર્મરાજ યુદ્ધિષ્ટર, પોતાના ભાઇયોને ઉપદેશ આપે છે. એટલામાં સહદેવ ખબર લાવે છે, કે દ્રોણાચાર્યે ચક્રવ્યૂહ રચેલું છે. અને તે અર્જુન સિવાય કોઈ તોડી શકે તેમ નથી. અર્જુન તો સનસપ્તકો સાથે યુદ્ધ કરવા ગયા છે, ને તે સ્થાન

તેઓ છોડી શકે તેમ નથી. મહારાજા યુધિષ્ટર વગેરે વિમાસણ કરે છે, ત્યાં અર્જુનનો બાણાવળી પુત્ર અભિમન્યુ, ચક્રવ્યૂહ તોડી નાખવાની પ્રતિજ્ઞા કરે છે. ત્યાં આનંદ થાય છે!

પ્રવેશ ૪ થો–અભિમન્યુ લડાઇમાં જતાં પહેલાં પોતાની પત્નિ ઉત્તરાને મળવા જવાનો વિચાર કરે છે.

પ્રવેશ ૫ મો–ગર્ભવતી ઉત્તરાકુમારી પોતાની સખીઓ સાથે વિનોદ કરતી. પતિદર્શન માટે આતુર થયલી દેખાય છે. ત્યાં અભિમન્યુ આવી મળે છે. અને યુદ્ધમાં જવા માટે રજા માંગે છે. ઉત્તરા આ ખબરથી બહુ શોકાતુર થાય છે. તેમના હૃદયમાં ઓચીંતી અશુભ કલ્પના ઉભી થાય છે "પ્રેમાળ સ્ત્રીઓ એજ રીતે વિયોગ સમયે બ્હાવરી બને છે." એ રીતે અભિમન્યુ સમજાવે છે. ઉત્તરાકુંવરી ધર્મ કાર્ય નિમિત્ત રજા આપે છે. ત્યાં મહારાણી સુભદ્રાદેવી આવે છે. તેમને યુદ્ધમાં જવાની વાત કરે છે. વીર ક્ષત્રીય પાંડવ કુળદીપક અભિમન્યુએ સંગ્રામમાં ઉતરવું, એવી માતાની આજ્ઞા થાય છે. અભિમન્યુ રાણીપાસથી રજા લંહે છે.

પ્રવેશ ૬ ઠો-દુર્યોધનનો એક સભાસદ નબળાઇમાં સબળાઇ બતાવતો આવે છે. ત્યાં એક સિપાઈ આવીને તેને લડાઇમાં ઉતરવા જણાવે છે. વડાઇખોર સભાસદ તેને વાતોમાં ઉડાવે છે, ને પોતાની સ્ત્રી પાસે ડફાંસ મારે છે.

પ્રવેશ ૭ મો-ચક્રવ્યૂહ રચના–વ્યૂહના દરવાજાપર શૂરવીર જયદ્રથ ચોકી કરે છે. અભિમન્યુ આવતાં બન્ને લડે છે અને જયદ્રથને હરાવીને ત્યાંથી ચક્રવ્યૂહમાં પ્રવેશ કરે છે, તેટલાં દુર્યોધન અને તેના સાથીઓ છળભેદથી અભિમન્યુને પકડીને તેને મારી નાખે છે.

ટેબલો.

પહેલો અંક–સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—સંસપ્તકો સાથે યુદ્ધમાં વિજય મેળવીને અર્જુન, શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુ સાથે આવે છે. અર્જુન અપશુકન જણાયાથી વ્યાકુળ થાય છે. શ્રીકૃષ્ણ ચન્દ્ર તેમને શાન્ત કરે છે.

પ્રવેશ ૨ જો—અભિમન્યુ રણમાંથી પાછા ન ફરવાથી ઉત્તરા-કુમારી ચિન્તાતુર થાય છે. સખીઓ ધિરજ આપે છે.

પ્રવેશ ૩ જો-દુર્યોધનના સભાસદનો મદ ઉતારવાને તેની સ્ત્રી, પુરૂષના પોશાકમાં આવે છે. અને તેને બનાવે છે!

પ્રવેશ ૪ થો—મહારાજ યુદ્ધિષ્ટર, અભિમન્યુના અકાલ મરણ-નો શોક કરેછે. ભીમ, પ્રતિજ્ઞા કરેછે, કે અભિમન્યુના દેહ બદલે અઠ્ઠાણું ધૃતરાષ્ટ્રો (કૌરવો)નો સંહાર કરીશ. એટલામાં અર્જુન અને શ્રીકૃષ્ણ ભગવાન આવે છે. પુત્ર દર્શન માટે આતુર અર્જુન, અભિમન્યુની કુશળતા પુછતાં, યુદ્ધિષ્ટર તેના શોકજનક મરણની ખબર આપે છે. અર્જુનને બહુ ખેદ થાય છે, અને તેના મરણનું કારણભુત કયો શખ્સ છે, તે પુછે છે. જયદ્રથ તેનું કારણ છે, આ સાંભળી અર્જુન પ્રતિજ્ઞા કરે છે, કે આવતી કાલે સુર્યાસ્ત પહેલાં જયદ્રથને મારૂં નહિ તો હું પોતાના શરીરને ચિતામાં બાળીને ભસ્મ કરીશ, આ પ્રતિજ્ઞા સિદ્ધ કરેછે.

પ્રવેશ ૫ મો—શ્રીકૃષ્ણચન્દ્ર માયા રચે છે. અને યોગમાયાને એવી આજ્ઞા આપે છે, કે આવતી કાલે સૂર્યને માયાના વાદળથી ઢાંકી નાખવું, અને ઇશારો થતાં વાદળ કહાડી નાખવું. યોગ માયા જાય છે. અર્જુન આવતાં તેને લઇને શ્રીકૃષ્ણ કૈલાસમાં શંકરનું પાશુ-પત્ય બાણ લેહેવા જાય છે.

પ્રવેશ ૬ ઠો—કૈલાસમાં અર્જુન તથા શ્રીકૃષ્ણચંદ્ર શ્રીશંકરનું આરાધન કરેછે. શંકર મહાદેવ પ્રસન્ન થાય છે. અને પાશુપત્ય બાણ આપે છે.

પ્રવેશ ૭ મો—દુર્યોધનનો બડાઇખોર સભાસદ પોતાની સ્ત્રીને ઠગવા માટે પોતાના એક મીત્ર કરમચંદ મારફતે પોતાના મરણની જુઠી ખબર આપે છે તેની સ્ત્રીને આ વાત માલમ પડવાથી તેનો પોતાનોજ રકાસ થાય છે.

પ્રવેશ ૮ મો—જયદ્રથને મારવાની અર્જુનની પ્રતિજ્ઞા જાણીને જયદ્રથ ગભરાય છે. આ ભયમાંથી બચાવવાને દુર્યોધન તથા દુશાસન, શસ્ત્રવીર મહાત્મા દરોણાચાર્યને વિનેવ છે. અંતે દયાળુ દરોણાચાર્ય, જરદ્રથને શુચીવ્યૂહમાં છુપાવવાને લઇ જાય છે.

પ્રવેશ ૯ મો—મહાદેવી સુભદ્રા, પોતાના પુત્ર અભીમન્યુના મરણથી શોકાતુર થઇ રહેલાં છે. ત્યાં શ્રીકૃષ્ણચન્દ્ર આવીને તેને શાન્ત કરે છે; એટલામાં ઉત્તરાકુંવરા વિધવાવેશે કલ્પાંત કરતી આવે છે, અને સતી થવાની આજ્ઞા માગે છે. ઉત્તરા સગર્ભા હોવાથી શ્રીકૃષ્ણ પ્રભુ તેને સતી થતી અટકાવે છે. કેમકે ગર્ભ, એક પ્રતાપી ભારતવીર છે.

બીજો અંક—સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—સૂર્ય અસ્ત થતાં સુધી અર્જુન પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે જયદ્રથને મારી ન શકવાથી ચિન્તામાં બળવા ચાહે છે. દુર્યોધન તથા જયદ્રથ ત્યાં આવીને અર્જુનને ચીડાવે છે, ત્યાં શ્રીકૃષ્ણ પ્રભુનાઇશારાથી વાદળ વીખરાઇ જાય છે અને હજી સૂર્યનારાયણ અસ્ત નથી થયા, એવો દેખાવ થતાં અર્જુન પાશુપત્ય બાણ ચડાવે છે, અને ત્યાંજ હાજર રહેલા જયદ્રથનું શીર ઉડાવી દે છે. અર્જુનની પ્રતિજ્ઞા પુરી થાય છે, અને દેવ-વાણી સાથે વિજય પુષ્પ ઉડે છે, જયનાદ થાય છે! યુદ્ધિષ્ટર ભીમ વગેરે શ્રીકૃષ્ણપ્રભુની સ્તુતિ કરેછે.

સમાપ્ત.

૭૫૨૩

શ્રી

કૃષ્ણાર્પણમસ્તુ.

વીર-અભિમન્યુ

નટ, નટી અને સુત્રધાર— ૧

જય ગણપતિ ગણનાયકે, જય ગજવદન ગણેશ
જય ગૌરીપતિ જગપતિ, મંગલ કરન મહેશ
જય જય જગદીશ દયાનિધે, વિશ્વમ્ભર અખિલેશ
જય જય ગુરૂદેવ કૃપાયતન, ઇષ્ટદેવ હૃદયેશ
નાથ હમ શરણાગત હંય, ઔર યહ વર માંગત હંય
સુફલ અપના અભિનય હો, ઔર જીવન સુખમય હો
તુમ જગધર હો, વિશ્વમ્ભર હો. ગુણ આગર હો નટનાગર હો
સુખ સાગર હો

નટ, નટી અને સુત્રધાર— ૨

ભારત વીરોં કી યાદ મેં યહ ગાના ભી રોના હય
પાની ભી નહીં હય પાત્ર મેં આંસુઓં સે મુંહ ધોના હય.
હુયે ધર્મવાન્ ધનવાન્ ઇસી ભારતમેં ઔર બ.ડે (૨) વિદ્વાન્
ઇસી ભારતમેં
થી બલવાનોં કી ખાન ઇસી ભારતમેં થા સબસે ઉંચા જ્ઞાન ઇસભારતમેં
અબ ઉન્હીં કે હમ સન્તાન, હુવે અજ્ઞાન, મિટા સબ માન,
ગઈ સબ આન
હાય ! આલસ્ય ઔર ઉન્માદ મેં, સબ ખોયા ઔર ખોના હય
યહ ગાના ભી રોના હય.

શ્રીકૃષ્ણ ભગવાન—　　　૩

હમ ભગતન કે ભગત હમારે અર્જુન સુનોં પ્રતિજ્ઞા હમરી
યહ પ્રત ટરે ન ટારે હમ ભકતન કે
જબ (૨) ભીર પ.ડે ભકતન પર, તબ (૨) કરત સહાયો
ભગત કે કાજ ગરૂ.ડ વાહન તજ, નંગે પાયન ધાયો
જબ (૨) ભીર પ.ડે ભગતન પર. તબ તબ ઉનકો ચેરો
દેખ બિચાર ભકતી હી કે કારન, રથ હાંકત હું તેરો હમ ભકતન કે

—⁂—

શ્રીકૃષ્ણ ભગવાન—　　　૪

પંચ તત્વ દશ ઇદ્રિયોં યહ સર્વત્ર સમાન
દેહ સદાં જ.ડ રૂપ હૈ, દેહી ચેતન જાન
દશ પંચ મધ્ય ચૈતન્ય એક જીસકા પ્રકાશ સારોં મેં હય
જૈસે સૂરજ કા ગુપ્ત તેજ, ચંદ્રમાં ઔર તારોં મેં હય
ઉસકે પ્રકાશ હી સે યહ દેહ ચૈતન્ય રૂપ દિખલાતી હય
વહ વ્યાપક ઔર ચૈતન્ય કલા સચ્ચિદાનન્દ કહિલાતી હય
વોહી સચ્ચિદાનન્દ તુમ હો ઔર વોહી દેશ તુમ્હારા હય
જો તીન ગુણોં સે પરે મેં હય, ઔર પન્ચ કોષ સે ન્યારા હય
વ્યવહાર મેં કર્મ પ્રધાન હય વો પર વાસ્તવ મેં નિષ્કર્મ હી હય
ઉસ જગાહ એક તત સત પદ હય સંર્વ ખલુ મિદં બ્રહ્મ હી હય
વહે સબ કી ગતિ જાનતા, ઉસે ન જાને કોય
ઔર અજન્મા સદા વોહ, મરણ ન ઉસકા હોય
કટ સકતા નહીં શસ્ત્ર સે વો, અગ્ની ભી નહીં જલા સકતી
ઉ.ડ સકતા નહીં હવાસે વો વર્ષા ભો નહીં બહા સકતી
યે જન્મ મરણ ઔર કાલ કર્મ, ઇન સબકા ઉસમેં લેશ નહીં
આનંદ આપ મેં આપ હય વો, ઉસકો કુછુ હોતા કલેશ નહીં
ઉસમેં હી યહ નાના શરીર, બનતે ઔર મિટતે જાતે હુંય
જીસ તરાહ પુરાને હોને પર યહ વસ્ત્ર બદલતે જાતે હુંય

ઉસકી ઉસ અદભુત શકતી કો, નહીં જ ડ શરીર પહિચાનતા હય
વો ઇસ શરીર કી સભી દશા, સર્વત્ર સબ સમય જાનતા હય

૫

વારંગના.—

સજીલી સોહનીયાં આવોરી હીલ મીલ ગાવોરી
પયારી પુનોસી ખીલો ચંદ્ર વદની સભામે
નાચો ગાવોરી.

બીરાજો સીંહાસન રાજાજી જુગ જુગ જીવો
સાજો ઇંદ્ર સે સીરી ધરમ રાયેજી
હમેશા સુખ પાવોજી

૬

વારંગના.—

હાંરે મોરા મુરલીવાલા સાજના
સુંદર મોહની લાગત નયન બાણ
જીઅરા હેરે આજા મોરે ડેરે—હાંરે
રામ ઝરૂકે બેઠકે સબકા મુજરા લેત,
જયસી જીનકી ચાકરી વયસા ઉનકો દેત.
ગોકુલ ગાંવકે રાજના નાગર નંદા—હાંરે મોરા.

૭

ભીમ—

રણવીર જાઓ ર પ્રણવીર જાઓ ર બલવીર દલવીર, કુલવીરજાઓ ર
રણવીર જાઓ ર પ્રણવીર જાઓ ર બલવીર દલવીર, કુલવીરજાઓ ર
રણમેં વિજયપાઓ, હર્ષાઓ હુલસાઓ, શંકા કછુન લાઓ ડંકા
બજાઆઓ

૮

અભિમન્યુ—

જા ઘેરના ઘેરના ફેરના ફેરના
કરૂં અબ ચાંહીં જાઉં
જાકર કરદું ધુમ સારે
સીયારોંમેં સિંગ નાંઇ

છીન, છીન, કરૂં દલ, પલછીનમાં
ધુમ, સનનન
ધુમ સનનન ધુમ
સનનન જા ઘેરના

અભીમન્યુ— ૯

દેખો પ્રેમકા પંથ નિરાલા
નયનાં થકત પ્રેમરસ પીવત ભરત ના પ્યાસ પિયાલા
દુધ ઉઠત હય મહાવેગ સે, જબ લાગત હય જ્વાલા
બૈઠજાત હય વાહી છિન જબ જલ કા છીંટા ડાલા
કઠિન કાષ્ઠ કે ભેદન મેં જો રહતા હય મતવાલા
કમલ નાલ કબહું ના વીંધત, વોહી ભોંરા કાલા

સખીઓ— ૧૦

પુષ્પ સુગંધિત ફુલ (૨) કે, કરેં વિકસત ફૂલવારી કો
કલીયન કલીયન ભોંરા ગુંજત, ચુમત હય હરડારી કો
ચટક (૨) કર ખિલી ચાંદની, ચોરત હય ચિત પ્યારી કો
ઉતરો હય યહ તારા મંડલ, આલીરી દેખો મોતિયા કયારી કો
હિલમિલ આવો ગાવો ગોરી નાચો દે દે તારી કો

ઉતરા-- ૧૧

હે હરી ઝીંજરી નવૈયા, પાર કરો
ધ્યાન ધરત નામ રટત લાજ રખૈયા
પાંડવ જય પાવેં હર્ષાવે તેરો ગુણગાવેં
જયકે ડંકે બાજે, સુખસાજે દુઃખ ભાજે.

ઉત્તરા તથા સખીઓ— ૧૨

એરી રિમઝિમ બરસત મેહુ સખીરી મોહે ડર લાગે
નહિં આયો પ્રીતમ મોરેપાસ સખીરી મોહે ડર લાગે
બાદલ બરસે બિજલી ચમકે નાચત હય મન મોર રે
પિયા બિન જીયા અકુલાય તિયા કો ગર્જત જબ ઘનઘોર સખીરી
કોયલ કૂકૂ કર રહી લાગત મોરે બાણ
પિયા મિલનકી આસ સે નીકસત નાહીં પ્રાણ
સખી તુમ જાવો ઉન્હેં ઢુંઢલાવો
ઝટપટ આવો પિયા કો સંદેસવા પહુંચા દીજો

ઉત્તરા તથા સખીઓ— ૧૩

મોહે પીકી ડગરિયા દિખાદો સખી બાટ તકત મૈંતો હાર ગઇ
બડે ભોર ગયે પરસોં રણ મેં, હો રોજ જાય મોહે દર્શન મેં
નહી નૈન મેં નીંદ ન કલ મનમેં, ભઇ બૈઠે બિઠાયે બિરહન મૈં
પર મોરે લગાકે ઉડાદો સખી—મોહે પીકી ડગરિયા.
બિન નીરકે મીન જીયેગી નહીં, બિન પીયકે તીય રહેગી નહીં
જબલોં મુખ ચંદ્ર લખેગી નહીં, તબલોં ચેહ ચકોરી છકેગી નહીં
મેરે ચાંદ કો કોઇ ઉગાદો સખી-મોહે પીકી ડગરિયા.

સુભદ્રા તથા સખીઓ- ૧૪

જો શૂરવીર રણમેં લડને જાતે હંય
જો મનમેં માયા મોહ નહીં લાતે હંય
યહ રણ ભૂમી હય ચૌસર લમ્બી ચૌડી
યોધાઓંકો હે કોધ વહી હય કૌડી
શસ્રોં કી ગોટેં કાલી પીલી ધૌડી
જો ફીરતી હંય ઘર ઘર પર દૌડી દૌડી

જબ રંગ જાતે હુંય તભી વિજય પાતે હુંય
ઈસ દુનિયાં મેં વો હુય સચ્ચા મર્દાના
જો ધારણ કરતા હુય નેકી કા બાના
કર દિખલાયા વો જો કુછ મન મેં ઠાના
જાના ન ભૂલ કર ભી અધર્મ પર જાના
બ્રહ્માંડ ઉન્હીંકા સુંદર યશ ગાતે હુંય

રાજા બહાદુર— ૧૫


ખુશામદ હી સે આમદ હુય બડી ઇસ લિયે ખુશામદ હુય
મહારાજને કહા એક દિન બેંગન બડા બુરા હુય
હમને ઝટ કહદિયા તભી તો બેગુન નામ પડા હુય
ખુશામદ સે સબ કુછ રદ હુય બડી ઇસલીએ ખુશામદ હુય
મહારાજ કુછ દેરમેં બોલે બેંગન તો અચ્છા હુય
હમનેભી ઝટ કહા તભી તો સરપર મુકટ ધરા હુય
ખુશામદકીભી કુછ હદ હુય બડી ઇસલિએ ખુશામદ હુય
સ્વામી દિનકો રાત કહે તો, હમ તારે ચમકા દેં
યદી રાત કો દિન કહે તો હમ સુરજ ભી દિખલાદેં
ખુશામદ મેં ઇતના મદ હુય, બડી ઇસલીયે ખુશામદ હુય

સુંદર— ૧૬

મુકટપર વારી વારી જાઉં નાગર નંદા
સબ દેવન મેં કૃષ્ણ બડે હુંય જ્યું તારોં મેં ચન્દા
મોહન મોરેને મોહિ લિયો મન ડારદિયો ગરે ફંદા

ડ્રૉપ

કેપટન લેબોરેટરી.



ઈંગલીશ સાયન્સના આધારે બનાવવામાં આવતું

ફ્લાવર માલતી હેર આઈલ.

માથાના બાલ વધારી ખરતા બાલનો અટકાવ કરેછે

બાટલીની પેકીંગ અને તેની સ્વચ્છતા જોઇ
યુરેપોયનો પણ દંગ થઇ ગયા છે.

બાટલી ૧) ની કીંમત રૂા. ૧

દરેક આબરૂદાર કેમીસ્ટને ત્યાંથી મળી શકશે.

બનાવનારાઓ,

કેપટન એન્ડ કું.


૧૨૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨.

અંધારામાં અજવાળું !

હા !

અમારે ત્યાંની પોકેટ ઇલેકટ્રીક બત્તીઓ ન્હાની મોટી
સાઇઝની એ કામ દરેક ગજવાને પરવડે
એવા ભાવે કરશે.

ફેન્સી ચીજોનું
સંગ્રહસ્થાન એ
વી. મહમદની
દુકાન !



હસ્તાંને આનંદી
અને
રડતાં ભુલકાંને
હસ્તાં કરવાનુ મથક
અમારીજ દુકાન !



અમારી દુકાનનો એક ફેરો તમારી ઘણી દોડધામ બચાવશે જયાં

તરેહવાર લેધર ગુડ્ઝ, ઇલેકટ્રો પ્લેટેડ સામાન
કટલરીની ચીજો અને અનેક ઘર વપરાસની વસ્તુઓ
તમારી નજરે પડશે.

વી. મહમદ એન્ડ સન્સ.

૧૫-૧૬, લોહાર ચાલ ક્રાફર્ડ માર્કીટ પાસે
મુંબઇ.

Only address—No branches:—

KALKADEVI, BARTON Co.

Kalkadevi Rd.

આંખની મફત તપાસ કરી ખરા "પથ્થરનાજ" ચશમા "મફત" બદલી કરવાની જામીનગીરીથી બનાવી આપીશું. ગરીબ માણસોને ખાસ સસ્તા ભાવે ચશમા આપીશું.

302-304

કાલકાદેવી રોડ,
મુંબઇ.

કાલકાદેવી બારટન કો૦ ચશમાવાળા.

માર્કેટમાં અને કોર્ટમાં હમારી કાંઈપણ સાખા ઓફીસ નથી.

કોઈ પણ હોસ-પીતાલ અથવા ડાકટરોના નંબર પ્રમાણે ચશમા જામીન-ગીરીથી બનાવી આપીશું. જો હમારો બનાવેલો ચશમો ડાકટર ના પસંદ કરે તો ફુલ્લે પઇસા પાછા આપ-વાની લેખીત જામીનગીરી આપીશું.

"નકલી આંખો" **Artifical Eyes**

"ખરા પથ્થરના ચશમા" **Real Pebbles.**

No. 302-304 કાલબાદેવી રોડ, મુંબઈ.

શ્રીકૃષ્ણ ભગવાન- ૧૭

ભલાઇ બુરાઇ સોચ ના ભાઇ તજકે સબ કચાઇ ચલે ચલો
ઘતિયાં તોરી જચત નાહીં મત કરો ચપલતાઇ,
જગત કી બતિયાં હંય સપને કી રતિયાં
લાભ ઔર હાનિ કો સમાન માનતે હંય જ્ઞાની
બડહો અબ છોડકે કદરાઇ

ઉત્તરા તથા સખીઓ ૧૮

હરી હરિયે અબ તોં સન્તાપ,
પાપી દીન મલીન દુખી મન જાને ન પુજા જાપ,
સુખ મેં તુમ્હેં બિસાર દેત હે દુખ મેં કરે વિલાપ, હરી હરિયે—
મિટે આપકે ગુણ ગાયન સે જન્મ જન્મ કે પાપ,
રાધે શ્યામ, દશા દીનોં કી જાન રહે પ્રભુ આપ

ઉત્તરા તથા સખીઓ- ૧૯

મેરો દરદ ન જાને કોય મેં તો પિયા કી દીવાની, મેરો દરદ-
ઘાયલ કી ગતિ ઘાયલ જાને દુજો ન જાને કોય,
સૂલી ઉપર સેજ પિયાકી કિસ બિધ મિલના હોય

ઉત્તરા તથા સખીઓ- ૨૦

બિના પતિ સુનો સબ સંસાર
પતિ હી વ્રત હય પતિ હી તપ હય પતિ હી હય કરતાર
પતિ હી સે પત હય ઈસ તન કી પતિ પત રાખન હાર

જબસેં પતિ હય તબસેં પત હય બીન પતિ બિપત હજાર
જાકો નેહ ચરણ મેં પતિ કે વહી પતિવ્રતા નાર
એક પતિવ્રત રહે જગત મેં તો સબ બરત અસાર
બિના પતિવ્રત કે નારી કા જીવન હય ધિકકાર બિના.

સુંન્દર — ૨૧

બોલ શ્રી કૃષ્ણ ચંદ્રકી જય
બોલ શ્રી ધર્મ્મરાજકી જય,
કૌરવ હંય સારે હઠધર્મી હોવે ઉનકી ક્ષય
ધર્મ્મવાન પાન્ડુ પુત હંય
કયોં કરે કિસીકા ભય—બોલ-
કૌરવકુલકા નાશ હોયગા ઇસમે નહીં સંશય
પાન્ડવ સારે હરી ભક્ત હંય
જય પાવેંગે નિશ્ચય—બોલ-

યોગ્યમાયા- — ૨૨

અહો ગિરધર નટવર પ્યારે જય જય યશોદાકે દુલારે
યે સકલ વિશ્વ હય સહારે તુમ્હારે
ભકતજનોં કે તારન હારે-દુષ્ટ ખલોં કે મારનવારે
કૈસી બરણુ તેરી અપાર શકતી પ્યારે-અહો ગિરધર.

શ્રીકૃષ્ણ તથા અર્જુન— — ૨૩

નમામિ શમ્ભુ શંકરં નમામિ સૃષ્ટિકારણં
અનન્ત શાન્ત મૂર્ત્તયે જગત્પ્રભો કૃપામયે

પ્રચન્ડપાપખણ્ડનં વિશુદ્ધ જ્ઞાન મન્ડનમ્
જટાસુગંગશોભિતં ભુજન્ગભસ્મભુષણુમ્
અનન્તદર્પભંજનં કૃપાનિધે ત્રિલોચનં
ત્વદિયનામ અક્ષરં જપન્તિ જે નિરંતરં
વિહાય સર્વ સંશયં વિલોકય વિશ્વ ત્વન્મયમ્
હે પાપમોચને પ્રણામ હે વિશ્વનાથ પાતુંમામ્

સુભદ્રા— ૨૪

હાયરા મૈં અભાગી, ગિરિ સો મોપર આન ગિરો હય, હાયરી—
કસે રાખું જીયા કો, છતિયાં ભભક ગઈ, કિસ બિધ થામુગી મૈં હિયા હાય

ઉત્તરા— ૨૫

ટૂટી હાય મોપે બિજુરીયા મોરી દઇયા.
મોત નહીં આયે તન જરો જાયે
કારૂણ બિપતિ પડી

ઉત્તરા— ૨૬

જબ લાજ ગઈ તબ લાજ કહાં?
શ્રૃંગાર સુહાગકે સાથ ગયા, ટૂટી ચુડ઼િયન પર સાજ કહાં?
મરચુકી મૈં તો ઉત્તેજી, મહારાજ નહીં તો રાજ કહાં?
યે જીવન જીવનનાથકા હય, અબ જીવનસે મોહે કાજ કહાં?

ડ્રૉપ.

કેશવકાન્ત હેર ઓઇલ.



બાલને કાળાં
સુંવાળા રેશમ જેવા
બનાવે છે અને મ-
ગજને ઠંડક આપે છે
તેમાં વ્હાઇટ ઓઇલ
(સાફ કરેલુ વાસલેટ)
મુદલ નથી.

એક વખત વાપરી
ખાત્રી કરો.

કીંમત બાટલી ૧)ના
રૂ. ૦-૧૨-૦

એજંટો જોઇએ છે
લખો:—
દ્વારકાદાસ જગમોહનદાસ
એન્ડ કું.
પ્રોપ્રાયટર્સ
ધી હીંદ બટન ફેકટરી
એન્ડ મેટલ વર્કસ
અને
ધી કેશવ પરફ્યુમરી
વર્કસ.


૧૪૭, અબદુલરેહમાન
સ્ટ્રીટ, મુંબઇ.

૨૭

સુંદર. સખી અને રાજા બહાદુર—

ઇસ સકલ જગતમેં કૌન હય
જીસને એસે હાર ન ખાઇ
મેરી સુંદર મનહર મીત
કર મુજે ન અબ લજ્જીત
યે કૌન ગાંઉકી રીત
જોડે તીકે પી, કર ભાઇ—સકલ
તુમ બડે હો નીરલજ બીર
મેરી માફ કરો તકસીર
બસ હુઆ ન મેરા ગીર
ફીર ના કરું મંય અયસા માઇ

સમાપ્ત.



EDWARD HOTEL CAMP DEOLALI

PROPRIETOR

D.K.

WATCHA

TRADE MARK

એડવર્ડ હોટેલ.

ભગુરરોડ—દેવલાલી.

શાને માટે મશહુર છે?

સારી ખુલ્લી જગા, મનમાનતી મેનેજ,

ઘેર જેવી સુખ સગવડ, સુઘરાઇ સફાઇ.

અને સરવેથી વધારે

નમનતાઇ !

માલેક:—**વાછા.**